Extra No. 60

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, FEBRUARY 24, 2026 / PHALGUNA 05, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

File No: KHD/MAG/e-file/450/2026/0722/MAG BRANCH/KHD/0296/02/2026.—તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ફાગણસુદ પૂનમ (હોળી-ધુળેટી) તહેવાર નિમિત્તે ડાકોર ખાતે આવેલ શ્રી રણછોડરાયજી મંદિરે ધાર્મિક લોકમેળો યોજાનાર છે. આ મેળામાં અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, વડોદરા તેમજ આજુ બાજુના અન્ય જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા દર્શનાર્થે આવતાં હોય છે. જેથી પદયાત્રિકોની યાત્રા દરમ્યાન રોડ ઉપર વાહનોની અવર-જવર ચાલુ રહે તો અકસ્માત અને જાનહાનિનાં બનાવો બને તે શક્યતા નકારી શકાય નહીં. જેથી પદયાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને પોઈન્ટ-A મુજબના જાહેર માર્ગો ઉપર તા.૨૫/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદના પત્ર ક્રમાંક:એલઆઈબી/એચએ/ડાકોર બંધ/૧૯૩/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગો ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રાખવા હુકમ કરૂ છું.

(A) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો -

1. રાસ્કા પોટા હટ કેનાલ (અમદાવાદ રોડ) થી મહેમદાવાદ, ખાત્રજ ચોકડી, મહુધા ચોકડી, અલીણા ચોકડી, ગાયોના વાડા ડાકોર, મહુધા ટી-પોઈન્ટ ડાકોર સુધી જતો-આવતો તમામ વાહન વ્યવહાર.
2. ખેડા ચોકડી થી ખાત્રજ ચોકડી તરફ જતો વાહન વ્યવહાર.
3. નડીઆદ કમળા ચોકડીથી ખાત્રજ ચોકડી થઈ મહેમદાવાદ અને અમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર.
4. નડીઆદ થી ડાકોર રોડ, સલુણ થઈ ડાકોર તરફ જતા તમામ મોટા વાહનો.
5. નડીઆદ બિલોદરા જેલ ચોકડીથી મહુધા થઈ કઠલાલ, કપડવંજ તરફ જતા મોટા વાહનો.

6. કઠલાલ ચોકડી થી મહુધા ચોકડી થઈ નડીઆદ, મહેમદાવાદ તરફ આવતા તમામ મોટા વાહનો.

7. લાડવેલ ચોકડી થી ડાકોર તરફ આવતા તમામ મોટા વાહનો.

8. અમદાવાદ-ઈન્દોર રોડ ઉપર કઠલાલ તાલુકાના સીતાપુર પાટીયાથી મહીસા થઈ અલીણા ચોકડી તરફથી આવતા મોટા વાહનો.

9. સેવાલીયા તરફ થી ડાકોર તરફ આવતા તમામ મોટા વાહનો.

10. અંબાવ રેલ્વે ફાટક થી ગળતેશ્વર બ્રિજ થઈ સાવલી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

11. સાવલી તરફથી ગળતેશ્વર બ્રિજ થઈ, અંબાવ થઈ ડાકોર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતાં વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક માર્ગો :-

1. રાસ્કા પોટા હટ કેનાલ (અમદાવાદ રોડ) થી મહેમદાવાદ ખાત્રજ ચોકડી, મહુધા ચોકડી, અલીણા ચોકડી, ગાયોનાવાડા, મહુધા ટી-પોઈન્ટ ડાકોર તરફ આવતો વાહન વ્યવહાર:- રાસ્કા પોટા હટથી ડાયવર્ટ કરી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના હીરાપુરા ચોકડી થઈ આગળ જશે, તેજ રીતે મહુધા-ટી પોઈન્ટ ડાકોર થી અલીણા, મહુધા, મહેમદાવાદ, ખાત્રજ ચોકડી, રાસ્કા પોટા હટ તરફ આવતો તમામ વાહન વ્યવહાર મહુધા-ટી પોઈન્ટ ડાકોર થી લાડવેલ ચોકડી થઈ આગળ જઈ શકશે.

2. ખેડા ચોકડી થી મહેમદાવાદ ખાત્રજ ચોકડી થઈ મહુધા તરફ જતા વાહનો:- ને.હા.નં.૮ થઈ આગળ જઈ શકશે.

3. નડીઆદ કમળા ચોકડીથી ખાત્રજ ચોકડી થઈ મહેમદાવાદ, અમદાવાદ તરફ જતા મોટા વાહનો:- નડીઆદ શહેર મીલ રોડ, રેલ્વે ઓવરબ્રિજ, મીશન રોડ, ડભાણ ચોકડી ને.હા.નં.૮ અથવા એકસપ્રેસ-વે થઈ આગળ જઈ શકશે.

4. નડીઆદ થી સલુણ થઈ ઠાકોર તરફ જતા વાહનો:- નડીઆદ ચકલાસી ભાગોળથી ડાયવર્ટ કરી કોલેજ રોડ થઈ ને.હા.નં.૮ ઉપર થઈ આગળ જઈ શકશે.

5. નડીઆદ બિલોદરા જેલ ચોકડી થી મહુધા થઈ કઠલાલ તરફ જતા મોટા વાહનો:- ડભાણ ને.હા.નં.૮ અથવા એકસપ્રેસ-વે થઈ આગળ જઈ શકશે.

6. કઠલાલ ચોકડી થી મહુધા ચોકડી થઈ નડીઆદ, મહેમદાવાદ તરફ આવતા મોટા વાહનો:- કઠલાલ ચોકડી થઈ લાડવેલ ચોકડી અથવા અમદાવાદ તરફના રોડ ઉપર થઈ આગળ જઈ શકાશે.

7. લાડવેલ ચોકડી થી ડાકોર તરફ આવતા મોટા વાહનો:- લાડવેલ ચોકડીથી ડાયવર્ટ કરી ફાગવેલ થઈ આગળ જઈ શકાશે.

8. અમદાવાદ-ઈન્દોર રોડ ઉપર કઠલાલ તાલુકાના સીતાપુર પાટીયા થી મહીસા થઈ અલીણા ચોકડી તરફ થી આવતા મોટા વાહનો:- કઠલાલ ચોકડી તથા લાડવેલ ચોકડી થઈ આગળ જઈ શકાશે.

9. સેવાલીયા થી ડાકોર તરફ આવતા વાહનો:- સેવાલીયા ટી પોઈન્ટ થી ડાયવર્ટ કરી આગળ જઈ શકાશે.

10. અંબાવ રેલ્વે ફાટક થી ગળતેશ્વર બ્રિજ થઈ સાવલી તરફ જતો તમામ વાહન વ્યવહાર - અંબાવ રેલ્વે ફાટક થી સેવાલીયા, ટીમ્બા, ઉદલપુર ચોકડી થઈ આગળ જઈ શકાશે.

11. સાવલી થી ગળતેશ્વર બ્રિજ થઈ, અંબાવ થઈ ડાકોર તરફ આવતા વાહનો:- અંબાવથી ડાયવર્ટ કરી સેવાલીયા તરફ આગળ જઈ શકાશે.

અપવાદ:- સરકારી વાહનો, ફાયર બ્રિગ્રેડના વાહનો, એમ્બ્યુલન્સ/મેડિકલ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ વિભાગ, ખેડા જિલ્લા દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

નડીઆદ, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

જે.બી.દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) અને,૩૩(૧) (આ) મુજબના ::

File No: KHD/MAG/e-file/450/2026/0722/MAG BRANCH/KHD/0297/02/2026.—તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ફાગણસુદ પૂનમ (હોળી-ધુળેટી) તહેવાર નિમિત્તે ડાકોરમાં આવેલ શ્રી રણછોડરાયજી મંદિરે ધાર્મિક લોકમેળો યોજાનાર છે. આ મેળામાં દર્શને આવતી યાત્રાળુઓ, ઘણા સંઘો, પદયાત્રિઓ તેમની સાથે ઢોલ લઈ દર્શનાર્થે આવતા હોય છે તથા તેઓ ગમે ત્યાં રોડ ઉપર, આડબંધમાં અને મંદિર પરીસરમાં ઢોલ વગાડતાં હોવાથી ખૂબ જ ઘોંઘાટ થાય છે અને ઢોલની ધ્વનિને કારણે પદયાત્રિઓ એકત્રિત થઈ ભીડ કરતા હોય છે. જેના કારણે અરાજકતા ફેલાય તો ભાગદોડના બનાવો બનવાની શકયતાઓ નકારી શકાય નહી તથા ઢોલ વગાડવાથી વધુ અવાજ (ઘોંઘાટ/ધ્વનિ પ્રદૂષણ) થવાથી લાઉડ સ્પીકર, વાયરલેસ સેટ અને વોકી-ટોકી સેટનો અવાજ સાંભળવામાં અને પોલીસ બંદોબસ્ત જાળવવામાં ઘણીજ અગવડતા પડતી હોય છે. પબ્લિક એડ્રેસ સિસ્ટમ પરથી કરાતી અગત્યની જાહેરાતો તથા અપાતી સૂચનાઓ પણ શ્રદ્ધાળુઓ સાંભળી શકતા નથી વધુમાં શ્રી રણછોડરાયજી મંદિર સુપ્રસિધ્ધ યાત્રાધામ હોય અને હાલની દેશ અને રાજયની પરિસ્થિતિને ધ્યાને રાખી કોઈ ત્રાસવાદી ઈસમો ઢોલમાં કોઈ સ્ફોટક પદાર્થ લઈને મોટી જાનહાનિ સર્જે તેવી શકયતાઓ નકારી શકાય નહી. જેથી હાલની પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સરળતા રહે તેમજ મંદિરે સુરક્ષા, યાત્રાળુઓની સલામતિ ધ્યાને રાખી ડાકોર નગરપાલિકા હદ વિસ્તારમાં તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કોઈ પણ વ્યકિત અથવા યાત્રાળુઓ દ્વારા ઢોલ વગાડી અવાજ (ઘોંઘાટ) કરવા તેમજ ઢોલ સાથે રાખવા ઉપર પ્રતિબંધ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદના પત્ર ક્રમાંક : એલઆઈબી/ડાકોર પૂનમ/ ઢોલ જા.નામુ/૧૭૭/૨૦૨૬, તા.૧૨/૦૨/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એન), ૩૩ (૧)(ઓ) ની ઉપલબ્ધ જોગવાઈઓ નીચે મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરુ છું કે તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨ દરમ્યાન ડાકોર નગરપાલિકા હદ વિસ્તારમાં સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં કોઈપણ ઈસમ કે ઈસમોના સમૂહ, પદયાત્રાળુઓ કે દર્શનાર્થીઓ નીચે પ્રમાણેના નિયમોનું પાલન કરવા આથી ફરમાવું છું.

નિયમોઃ- કોઈપણ વ્યકિત કે સંઘ કે પદયાત્રાળુઓના સમૂહ દ્વારા ઢોલ સાથે રાખી શકાશે નહી તેમજ ઢોલ વગાડી અવાજ (ઘોંઘાટ) કરી શકાશે નહી.

વિસ્તાર :- સમગ્ર ડાકોર નગરપાલિકા વિસ્તાર.

શિક્ષાઃ- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

નડીઆદ, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) અને,૩૩(૧) (આ) મુજબના ::

File No: KHD/MAG/e-file/450/2026/0722/MAG BRANCH/KHD/0298/02/2026.- તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ફાગણસુદ પૂનમ (હોળી-ધુળેટી) તહેવાર નિમિત્તે ડાકોરમાં આવેલ શ્રી રણછોડરાયજી મંદિરે ધાર્મિક લોકમેળો યોજાનાર છે. દરમ્યાન ખૂબ જ મોટી સંખ્યામાં યાત્રાળુઓ, સંઘો, ભજન મડળીઅદ શ્રધ્ધાળુઓ પગપાળા ડાકોર શહેરમાં શ્રી રણછોડરાયજી મંદિરમદ દર્શનાર્થે આવતા હોય છે. જેથી આ દરમ્યાન ડાકોર શહેર વિસ્તારમાં ખૂબ જ મોટી સંખ્યામાં નાગરિકો તથા વાહનો એકત્ર થતા હોઈ, ડાકોર શહેર વિસ્તારમાં ફટકાડા ફોડવામાં આવે તો આકસ્મિક આગ લાગવાના બનાવ બને તે નકારી શકાય નહી તથા તે કારણોસર જાહેર જનતામાં ભાગદોડ કે નાસભાગ થાય તો મોટી સંખ્યામાં જાનહાનિના બનાવ બની શકે છે. વધુમાં સદરહું સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીની જાળવણીમાં અગવડતા ન પડે તે હેતુસર ડાકોર નગરપાલિકા હદ વિસ્તારમાં તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ફટકાડા નહી ફોડવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદના પત્ર ક્રમાંક : એલઆઈબી/ડા.ફા,પૂનમ/જાહેરનામું/૨૦૭/૨૦૨૬, તા.૧૨/૦૨/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એન), ૩૩ (૧)(ઓ) ની ઉપલબ્ધ જોગવાઈઓ નીચે મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરુ છું કે તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨ દરમ્યાન ડાકોર નગરપાલિકા હદ વિસ્તારમાં સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં કોઈપણ ઈસમ કે ઈસમોના સમૂહ, પદયાત્રાળુઓ કે દર્શનાર્થીઓ નીચે પ્રમાણેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

નિયમોઃ- કોઈપણ વ્યકિત કે સંઘ કે પદયાત્રાળુઓના સમૂહ દ્વારા ફટકાડા ફોડી શકાશે નહી.

વિસ્તાર :- સમગ્ર ડાકોર નગરપાલિકા વિસ્તાર.

શિક્ષાઃ- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

નડીઆદ, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) મુજબના ::

File No: KHD/MAG/e-file/450/2026/0722/MAG BRANCH/KHD/0299/02/2026.- તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ફાગણસુદ પૂનમ (હોળી-ધુળેટી) તહેવાર નિમિત્તે ડાકોરમાં આવેલ શ્રી રણછોડરાયજી મંદિરે ધાર્મિક લોકમેળો યોજાનાર છે. આ મેળામાં ગુજરાત રાજયમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તેમજ યાત્રાળુઓની સલામતી અને ટ્રાફિક ભીડના પશ્નો ઉપસ્થિત ન થાય અને વાહન અકસ્માતના બનાવ ન બને તે હેતુથી તા.૨/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ દરમ્યાન ડાકોર શહેર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદના પત્ર ક્રમાંક : એલઆઈબી/ડાકોર બંદો /જાહેરનામું/૧૯૧/૨૦૨૬, તા.૧૨/૦૨/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ ડાકોર શહેરના માર્ગો ઉપર વાહન વ્યવહાર પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(A) <u>ડાકોર શહેરના માર્ગો ઉપર વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો</u>:-

(૧) એ.જી.શાહ પેટ્રોલપંપથી મુખ્ય રોડ થઈ વૃંદાવન સોસાયટી તરફ જતો માર્ગ

(૨) ગુર્જરી ઓકટ્રોય નાકાથી ગણેશ સીનેમા થઈ મંદિર તરફ જતો માર્ગ

(૩) ટ્રાફીક સર્કલ, ત્રણ દરવાજાથી મંદિર તરફ જતો માર્ગ

(૪) ડોન બોસ્કો હાઈસ્કૂલથી નાની ભાગોળ થઈ મંદિર તરફ જતો માર્ગ

(૫) રણછોડપુરા પાટીયાથી ડાકોર શહેર તરફ જતો માર્ગ

(૬) ગાયોના વાડાથી ડાકોર શહેર તરફ જતો માર્ગ

(૭) વેલકમ પાટીયાથી મંદિર તરફ જતો માર્ગ

અપવાદ :- સરકારી વાહનો, ફાયર બિગ્રેડના વાહનો, એમ્બ્યુલન્સ/મેડિકલ વાનને લાગુ પડશે નહી.

શિક્ષાઃ- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

નડીઆદ, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No: KHD/MAG/e-file/450/2026/0722/MAG BRANCH/KHD/0301/02/2026.- માતર પેટા વિભાગ હસ્તક વાવડી-ડામરી-ગોવિદપુરા-શેત્રા-નાયકા રોડ પર શેત્રા ગામ પછી મોતીયા વહેરા પર શેઢી સિંચાઈ વિભાગનું સ્લેબ ડ્રેઈન આવેલ છે. જે સ્લેબ ડ્રેઈન જર્જરીત થઈ ગયેલ હોવાથી જાહેર સલામતીને ધ્યાને લઈ સદર રસ્તો બંધ કરી સદર રસ્તા પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૩૧/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પી.બી./વશી/૧૧૫૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૦૭/૧૧/૨૦૨૫ અને તા.૦૮/૧૧/૨૦૨૫ અને તા.૦૮/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરતું સદરહું કામગીરી હજુ પૂર્ણ થયેલ ન હોઈ, જેથી સદર જાહેરનામાની લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદએ તા.૧૨/૦૨/૨૦૨૬ ના પત્ર જા.નં. પી.બી/વશી/૧૭૦/૨૦૨૬ થી પુન : દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ -A મુજબના જાહેરમાર્ગો ઉપર વાહન -વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ -B મુજબ વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ પસાર થવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમા ઉચિત અને આવશ્યક જણાવેલ છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૯/૦૨/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર વાહનની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) **<u>વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો</u>**:-

૧) વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી મોતીયા વહેરા શેઢી સિંચાઈ રોડ બ્રીજ થઈ શેત્રા, નાયકા, ચલીન્દ્રા થઈ બારેજા તરફ જતો-આવતો તમામ વાહન વ્યવહાર.

(B) **<u>ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો</u>**:-

- વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી શેત્રા ગામ તરફ મોતીયા વહેરા પહેલા દાંડી રોડ થઈ ગોવિંદપુરા, ઢઠાલ, ભેરાઈ,નવાગામ થઈ બારેજા તરફ વાહન વ્યવહાર અવર-જવર કરી શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગો વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવું

નડીઆદ, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 12:48:37 IST